# જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા બે સેવાકીય કાર્યો સંપન્ન






ગાંધીનગર, તા. ૨૯

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે સુંદર સેવાકીય કાર્યોનું આયોજન કરવામાં આવી રહેલ છે. જેમાં તારીખ ૨૮ના રોજ સેક્ટર-૨૨ ખાતે વર્ધમાન અનુકંપા કેન્દ્ર જૈન દેરાસર ખાતે ઝુપડપટ્ટીમાં વસતા ૩૫૦થી પણ વધારે ગરીબોને રસ પુરીનું જમણ આપવામાં આવેલ હતું. તેમજ ગાંધીનગર શહેરમાં ખુલ્લામાં ધંધો રોજગાર કરતાં ઈસમોને અસહ્ય તાપ તેમજ વરસાદ થી રક્ષણ મળે તે માટે વોટર પ્રુફ મોટા સ્ટેન્ડવાળી છત્રી આપવામાં આવેલ છે. આ છત્રીનું વિતરણ સમગ્ર ગાંધીનગરની વિવિધ જગ્યાઓમાં લાભ મળે તે રીતે કરવામાં આવેલ છે. ઉપરોકત સેવાકીય કાર્યક્રમમાં જૈન સોશ્યલ ગૃપના પ્રમુખ મધુસુદન વોરા, ભરત કોટડીયા મંત્રી, શ્રી કૌશિક શાહ ઉપપ્રમુખ, કેતન દેવાણી ઉપપ્રમુખ, જે. બી. શાહ પૂર્વ પ્રમુખ, આર. ડી. ગાંધી પૂર્વ પ્રમુખ, શોધન ગાંધી પૂર્વ પ્રમુખ, નીતીન સંઘવી, દિપીકાબેન કોટડીયા, જાગૃતિબેન લાખાણી, સ્નેહલ શાહ, રાજેશ શાહ, ધીરજ વોરા, ધવલભાઈ શાહ, અનિલભાઈ શાહ, અશોકકુમાર શાહ, વર્ધમાન અનુકંપા કેન્દ્રના સભ્યો, જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



પરમ હિતેન ભટ્ટ
મો. ૯૦૧૬૫ ૫૪૮૫૫



પ્રવીણભાઈ ઈશ્વરભાઈ દવે
મો. ૯૧૩૭૩ ૩૪૪૧૬

## ઠાકોર સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે સરકારી નોકરીની ભરતીના તાલીમ વર્ગો

ગાંધીનગર, તા. ૨૯

ઠાકોર સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ, સેક્ટર-૬ દ્વારા ઠાકોર સમાજના વિદ્યાર્થીઓ માટે સરકારી નોકરીની ભરતીના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે.

તલાટી, ક્લાર્ક, સેલ્સ ટેક્ષ ઈન્સપેક્ટર, નાયબ મામલતદાર તથા ક્લાસ-૩ની સરકારી નોકરીની પરીક્ષાના તાલીમવર્ગો તા. ૧લી મેથી શરૂ કરવાના હોઈ ઠાકોર સમાજ તથા અન્ય સમાજના વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે, એમ એક અખબારી યાદીમાં ધર્મેશ સી. ઠાકોર દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ હેતુ મોબાઈલ નંબર ૯૦૩૩૦૦૬૨૬૮ના માધ્યમથી સંપર્ક કરવા તેમના દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

## ચંદ્રાલાની ઈગ્નાઈટ પ્રિ-સ્કૂલ ખાતે કેજી-૧નાં બાળકોની અભિવ્યક્તિ



ગાંધીનગર, તા. ૨૯

ઈગ્નાઈટ પ્રિ-સ્કૂલ, ચંદ્રાલા ગ્રામ વિસ્તારનાં બાળકોને આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ આપતી વિશિષ્ટ પ્રિ-સ્કૂલ છે. અહીં વિશ્વની શ્રેષ્ઠ ભણાવવાની પદ્ધતિઓ દ્વારા બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કાર અને કૌશલ્યો વિકસાવાય છે. આજે કેજી-૧નાં બાળકોએ સ્ટેજ ઉપર વિકસાવાયેલ જ્ઞાન, કૌશલ્યો અને અભિગમ રજૂ કર્યા હતાં. મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીગણે સ્કૂલના કાર્ય પરત્વ સંતોષ વ્યક્ત કર્યો હતો. વાલીગણ સારી આદતોના વિકાસથી પણ પ્રભાવિત થયો હતો.

૪૨/૪૮ સમાજના ઍજ્યુકેશન ડિરેક્ટર ઈશ્વરભાઈ પટેલે સમાજ વતી ધોરણ-૧૦ સુધીની અંગ્રેજી માધ્યમની સ્કૂલ વિકસાવવા પ્રતિબદ્ધતા રજૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ સ્કૂલમાં વિદેશી શિક્ષકો પણ ભણાવે છે.

## છેક ઘર સુધી આવું છું, એટલે ચરબી કરશો નહીં, પાણી જરા સાચવીને વાપરજો, શરમાશો નહીં!





## ગાંધીનગરમાં યોજાઈ ભવ્ય કાવ્ય મહેફિલ : છ કવિઓએ ગીત-ગઝલોની પ્રસ્તુતિ કરીને શ્રોતાઓને રસતરબોળ કર્યા

ગાંધીનગર, તા. ૨૯

રવિવારની સાંજે ગાંધીનગરમાં એક ભવ્ય કાવ્ય મહેફિલ યોજાઈ ગઈ. આ કાવ્ય મહેફિલમાં છ કવિઓએ વિવિધ રૂપનાં ગીત-ગઝલ દ્વારા શ્રોતાઓને રાજી કરી દીધાં હતાં. સાહિત્ય સરિતા, મુંબઈના સૌજન્યથી કલોલના શ્રી મહાકાલ કમ્યુનિકેશન અને ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે યુથ હૉસ્ટેલ ખાતે આ કાવ્ય મહેફિલ યોજાઈ હતી.

આમંત્રિત કવિગણ પ્રતાપસિંહ ડાભી 'હાકલ', કવિ કિશોર જીકાદરા, સંજય થોરાત 'સ્વજન', નટવર હેડાઉ 'વન વિહારી', શૈલેષ પંડ્યા 'ભીનાશ' અને કવિ પ્રકાશ જલાલનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

શૈલેષ પંડ્યા દ્વારા આ કાર્યક્રમનું રસાળ સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને માણવા કવિ કનૈયાલાલ ભટ્ટ, કલ્પેશ પટેલ, અનંત પટેલ સહિત ૭૦ જેટલા કવિતાપ્રેમીઓ હાજર રહ્યાં હતાં. હાસ્ય, વ્યંગ, ગંભીર, ગરમી, પાણી, મૃત્યુ, પ્રેમ જેવા વિવિધ વિષયની રચનાઓથી શ્રોતાઓ રસતરબોળ થયાં હતાં.

આંખ છે તો અશ્રુઓ પણ આવશે,
ખાનગીમાં પાંપણો લોહ્યાં કરો!
- સંજય થોરાત 'સ્વજન'

ભેગાં કરીશ બોર, તો એ કામ આવશે,
ક્યારેક તો આ ઝૂંપડીએ રામ આવશે!
- પ્રકાશ જલાલ

આ તો થયું કે વાત એકાદી તરોતાજા કરું,
બે હાથ જોડીને અચાનક આપને રાજા કરું!
- શૈલેષ પંડ્યા 'ભીનાશ'

કરી આપીશ હું નકશી તમે કલ્પી ન હો એવી,
જરા વિશ્વાસ રાખીને મને દિલ આપવું પડશે!
- કિશોર જીકાદરા

બધા માનતા પંખી માટે, તમે તમારી કોઠીમાં તો ચણ રાખો છો,
તમે ખરા ખેપાની નીકળ્યા, એમાં તો સંતાડીને ગોફણ રાખો છો!
- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'

આ પણ નગર છે, એક ને તે પણ નગર હતું,
અહીંયા મુસાફર છું ને ત્યાં મારું ઘર હતું!
- નટવર હેડાઉ 'વનવિહારી'



શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશન સંચાલિત 'સમર્પણ પબ્લિક સ્કૂલ', સેક્ટર-૨૮ ખાતે વર્લ્ડવાઈડ ઈવેન્ટ પ્લાનર્સ આયોજિત બુક ઑફ રેકર્ડ્સ - સ્કેટિંગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦થી પણ વધુ બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા બાળકોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના મેનેજિંગડિરેક્ટર મહેન્દ્રસિંહ વાઘેલા, વિજયસિંહ તથા આચાર્ય નિધિ શર્માએ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને એઆઈસીટીઈ સ્વતંત્ર કાર્ય કરશે

ગાંધીનગર, તા. ૨૯

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને એઆઈસીટીઈને ભેગા કરવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા હવે પડતો મૂકવામાં આવ્યો છે. એટલું જ નહીં હવે યુજીસી અને એઆઈસીટીઈ બન્ને સ્વતંત્ર રીતે જ કામ કરશે તેવું નક્કી કરાયું છે. બીજી બાજુ યુજીસીના પ્રાદેશિક કેન્દ્રોમાં જે કામગીરી થતી હતી તે બંધ કરી દેવામાં આવતાં શૈક્ષણિક સંસ્થાઓ માટે હવે નવી મુશ્કેલી ઊભી થઈ છે.

કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં નવી શિક્ષણ નીતિ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ માટે શિક્ષણ વ્યવસ્થામાં અનેક પ્રકારના ફેરફારો કરવાનું નક્કી કરાયું હતું. શિક્ષણવિદો કહે છે કે ખાસ કરીને ટેકનિકલ શૈક્ષણિક સંસ્થાઓનું નિયમન જેના દ્વારા કરવામાં આવે છે તે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન અને દેશની સમગ્ર યુનિવર્સિટીઓનું સંચાલન જેના માધ્યમથી થાય છે તે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ને ભેગી કરીને એક જ સંસ્થા કરવાનું નક્કી કરાયું હતું. જોકે, ટેકનિકલ કાઉન્સિલને યુજીસી સાથે મર્જ કરવાનો અનેક સંચાલકો અને શિક્ષણવિદોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. આ મુદ્દે કેટલાક સંચાલકોએ સુપ્રીમ કોર્ટમા રિટ પણ કરી હતી. જેમાં આ પ્રકારના નિર્ણય પર રોક લગાવવામાં આવી હતી. જેના કારણે ટેકનિકલ શિક્ષણ જગતમાં ભારે ઉત્તેજના ફેલાઈ હતી.







ગુજરાત સ્ટેટ અન્ડર-૭ (બોય્ઝ એન્ડ ગર્લ્સ) સિલેક્શન ફોર નેશનલ ચેસ ચેમ્પિયનશીપ-૨૦૧૯ સ્પોર્ટ્સ ક્લબ, નવરંગપુરા, અમદાવાદ ખાતે ૨૭ અને ૨૮મી એપ્રિલના રોજ તીર્થ ચેસ ક્લબ દ્વારા ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના નેજા હેઠળ યોજવામાં આવી હતી. ટુર્નામેન્ટમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ૧૨૬ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જે પૈકી કિઆન શાહ, આરવ શાહ, વિવાન શાહ, આરવ કુમાર, વિહાન પરીખ અને અર્થ છાવરે અનુક્રમે વિજયી બન્યા હતા.

કુલ ૮ હજારના રોકડ ઈનામે ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના સેક્રેટરી ભાવેશ પટેલ દ્વારા વિજેતા પ્રથમ ૧૦ ખેલાડીઓને એનાયત કરી તેમને અભિનંદન પાઠવ્યા હતા. પ્રથમ બે શ્રેષ્ઠ ખેલાડીઓ પશ્ચિમ બંગાળ, કોલકત્તા ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

## ગાંધીજીનો વિનોદ

॥ તેરમો મણકો ॥

### ૨૮ - અરીસાની શી જરૂર ?

કેટલાંક છાપાંના પ્રતિનિધિ ખૂબ કુશળ અને ચકોર હોય છે. આવા એક ચકોર પ્રતિનિધિને ખબર હતી કે ગાંધીજી અરીસાની મદદ વિના પણ પોતાની હજામત કરી શકે છે. તે એકવાર ગાંધીજીને મળવા આવ્યા ત્યારે ગાંધીજીને ખુશમિજાજ જોઈ તેમને પૂછ્યું, 'તમે અરીસામાં તમારું મુખ કેમ જોતા નથી ?'

ગાંધીજી : દરેક જણ જે મને મળવા આવે છે તે મારું મુખ તો જુએ જ છે. તો પછી મને અરીસો રાખવાની જરૂર શી ?

### ૨૯ - યશ મળવો મુશ્કેલ છે

એકવાર પરદેશના પ્રવાસીઓ ગાંધીજીને પટણામાં મળવા આવ્યા હતા. ગાંધીજીની સાથે તેમણે વાતો કરી અને છેવટે તેમની દનચર્યા પણ જાણી લીધી. વિદાય લેતાં કુમારી મનુબહેનનો પરિચય કરાવતાં ગાંધીજી બોલ્યા :

150 ગાંધીયાત્રા

આ મારી પૌત્રી પણ છે અને હજામ પણ છે. અને વળી સાબુ વગર જ એ હજામત કરી આપે છે અને હું તે વખતે ઊંઘી જાઉં છું. પ્રવાસીઓ પેટ પકડીને હસ્યા અને પાવરધી હજામ કહીને મનુબહેનને અભિનંદન આપ્યા.

મનુબહેન : વાત સાચી છે. પણ હજામ એટલે જે બિનઆવડતવાળા હોય તેને હિન્દુસ્તાનીઓ કહે છે કે સાવ હજામ જેવા છો, હજામ જેવા !

ગાંધીજી : જુઓ, આ છોકરી શું કહે છે ? આ જમાનામાં યશ મળવો મુશ્કેલ છે. (હસાહસ)

### ૩૦ - મોટું કોણ ?

ગાંધીજયંતીનો દિવસ હતો. વર્ધાના મહિલા આશ્રમમાં ભણતી વિદ્યાર્થિનીઓ ગાંધીજીને પ્રણામ કરવા આવી હતી. સાથે તેમણે કાંતેલા સૂતરની એક ધોતી ગાંધીજીને ભેટ આપવા તેઓ લાવ્યાં હતાં.

ભેટ જોઈ ગાંધીજીએ કહ્યું, 'આ ભેટનો અધિકારી હું નથી પણ બા છે.'

વિદ્યાર્થિનીઓ : આપ મોટા છો માટે આપે જ એ ભેટનો સ્વીકાર કરવા જોઈએ.

'મોટા' શબ્દ પર શ્લેષ કરતાં ગાંધીજી બોલ્યા, 'ના, ના, મોટી તો બા છે. તેથી તે કહે છે કે હું મોટી છું.'


વિદ્યાર્થિનીઓ પોતાનું હાસ્ય ખાળી શકી નહીં.

### ૩૧ - બેકારીનો ઉપાય

ઈંગ્લેન્ડમાં વિદ્યાર્થીઓ સમક્ષ ગાંધીજી એકવાર બોલવા ગયા હતા. પોતાની વાત પૂરી કરી વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવાનું તેમણે જણાવ્યું. તરેહ તરેહના પ્રશ્નો ગાંધીજીને પૂછવામાં આવ્યા હતા.

હિંદની પરિસ્થિતિથી અજ્ઞાત વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો કે હિંદનાં ગામડાંમાં બેકારી ઘણી છે, તો લોકો શહેરમાં કામ કરવા કેમ જતા નથી ?

વિદ્યાર્થીનું અજ્ઞાન જોઈ ગાંધીજીએ વિનોદ કર્યો કે, એ ઉપાય તો તમારા રૉયલ કમિશને પણ સૂચવ્યો નથી !



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર